॥ ॐ तत्सत् ॥

યોગ્યાધિકારીને ભેટ આપવા.

श्रीमद् राम जयन्ती.

પ્રયોજક—

વે. શા. શ્રીયુત. જમનાશંકર દેવશંકર શાસ્ત્રી.

મુ. ખંભાત.

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥ १ ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥ २ ॥

પ્રકાશક—

શાસ્ત્રી મણીશંકર ભાઈશંકર પાઠક.

પેટલાદ.

પ્રવર્તક—

શ્રી ગુજરાત ધર્મ પ્રચારિણી સભા.

કાર્યાલય.—બાલાજી રોડ-સુરત.

હાર—ઇશ્વરલાલ. કસનદાસ કાપડીઆ. "જૈન વિજય"
પ્રીન્ટીંગ પ્રેસ ખપાટીઆ ચકલા સુરત.

સં. ૧૯૭૫ રામ નવમી સન. ૧૯૧૯

મૂલ્ય અમૂલ્ય.

"श्री रामाष्टकम्"

भजे विशेषसुंदरं समस्तपापखण्डनम् ।
स्वभक्तचित्तरंजनं सदैव राममद्वयम् ॥ १ ॥
जटाकलापशोभितं समस्ततापनाशकम् ।
स्वभक्तभीतिभंजनं भजे ह राममद्वयम् ॥ २ ॥
निजस्वरूपबोधकं कृपाकरं भवापहम् ।
समं शिवं निरंजनं भजे ह राममद्वयम् ॥ ३ ॥
सप्रपंचकल्पितं ह्यनामरूपवास्तवम् ।
निराकृतिं निरामयं भजे ह राममद्वयम् ॥ ४ ॥
निष्प्रपञ्च निर्विकल्प निर्मलं निरामयम् ।
चिदेकरूपसंततं भजे ह राममद्वयम् ॥ ५ ॥
भवाब्धिपोतरूपकं ह्यशेषदेहकल्पितम् ।
गुणाकरं कृपाकरं भजे ह राममद्वयम् ॥ ६ ॥
महावाक्यबोधकै र्विराजमान वाक्पदैः ।
परब्रह्म व्यापकं भजे,ह राममद्वयम् ॥ ७ ॥
शिवप्रदं सुखप्रदं भवच्छिदं भ्रमापहम् ।
विराजमानदैशिकं भजे ह राममद्वयम् ॥ ८ ॥
रामाष्टकं पठति यः सुकरं सुपुण्यं व्यासेन ।
भाषितमिदं शृणुते मनुष्यः ॥
विद्यां श्रियं विपुलसौख्यमनंतकीर्तिम् ।
संप्राप्य देहविलये लभते च मोक्षम् ॥ ९ ॥
इति व्यासविरचितं रामाष्टकं संपूर्णम् ॥

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૮૭૯૪ वर्गांक

पुस्तकनुं नाम રામજ્યોતિ

विषय ૫૨:૩૬૫

ી કૉબીરાઈર-સંગ્રહ

વિજ્ઞાપના.

સૂર્યપુર (સુરત) નિવાસી સદ્ધર્મ પરાયણ **શેઠ શ્રી લીલાભાઈ ઉર્ફે ભગવાનદાસ હાથીભાઈ** કે જેઓ એક પ્રખ્યાત બરફીના વ્હેપારી છે, તેમણે પોતાના બનેવી **સ્વર્ગસ્થ ભગવાનદાસ નરભેરામ ખાનદેશવાળા** કે જેઓ સ્વભાવે દયાળુ, પરોપકારી, નિખાલસ મનના, શાંત ને ઘણા પ્રેમાળ હતા; તેમજ એક પરમ વૈષ્ણવ ધર્મના હિમાયતી હતા. તેઓ ધાર્મિક કાર્યોમાં ઉપયોગ આવતા પોતાના દ્રવ્યને સાર્થક થયું માનતા, અને પોતાનું લક્ષ પોતાના ધર્મ ઉપર તથા પૂજ્યો પ્રતિ આદર બુદ્ધિ રાખવા અર્પતા હતા. તેઓના સ્મરણાર્થે ધર્મ જીજ્ઞાસુઓને વિનામૂલ્યે ઉપહાર (ભેટ) આપવાને આ પુસ્તકની પ્રસિદ્ધિનો તમામ ખર્ચ સંસ્થાને અર્પણ કર્યો છે, જે સાભાર સ્વીકારતાં અમે મર્હુમ શેઠ ભગવાનદાસના અમર આત્માને સ્વર્ગમાં શાંતિ અર્પો, એમ જગન્નિયંતા સર્વ શક્તિમાન પ્રભુ પાસે માગીએ છીએ.

આ સાથે પ્રગટ કરવાની રજા લઇએ છીએ કે જન હિતાર્થે આ રામજયન્તીનો લેખ અર્પણ કરવા માટે અમારા બંધુ શાસ્ત્રીશ્રી **જમનાશંકર દેવશંકર**ને ધન્યવાદ આપી આશા રાખીએ છીએ કે તેઓ એવા ધાર્મિક અનેક લેખો લખી ભારત સંતાનોના કલ્યાણાર્થે **સત્ય સનાતન વૈદિક ધર્મ**ના સાહિત્યની ઉમદા સેવા સદા બજાવતા રહો. એ અમારી આશા સફળ કરવા માટે પ્રભુ તેમને આરોગ્ય તથા દીર્ઘ જીવન આપો.

તા. ક.–સનાતન ધર્માવલંબી રાજજનો તથા સન્નારીઓને પોતાનું ઐહિક તથા આમુષ્મિક શ્રેય સાધવા માટે નિત્ય પાઠ કરવા શ્રી રામરક્ષાસ્તોત્ર ટીકા સહિત આ લઘુ ગ્રંથમાં પ્રકટ કરવામાં આવ્યું છે, જે અમારૂં કૃત્ય ભાવિક પ્રજાના માનને પાત્ર થશે, એવી ઉમેદ રાખીએ છીએ.

પ્રકાશક,

શાસ્ત્રી મણિશંકર ભાઈશંકર પાઠક.

ઑ. મંત્રી–

શ્રી ગુજરાત ધર્મપ્રચારિણી સભા

निवेदन.

॥ धर्म एव हतो हन्ति धर्मो रक्षति रक्षितः ॥

નવલકથાઓ અને ઐતિહાસિક બાબતો કરતાં મનુષ્ય ઉપર જીવનચરિત્રની અસર વિશેષ થાય છે. આ ભારતભૂમિ ઉપર થયેલા મહાન અવતારોમાં વ્યવહારમાં ગ્રહણ કરવા યોગ્ય **શ્રીમદ્ રામચંદ્ર** કરતાં અધિક મનોહર અને ઉત્કૃષ્ટ દૃષ્ટાંત ભારતવાસીઓને ભાગ્યેજ મળી શકે એમ છે; તેઓના જીવનનો ચિતાર હિંદુ જીવનમાં ઓતપ્રોત થયેલો છે, છતાં સાંપ્રત સમયમાં આપણા સનાતન બંધુઓમાં કેટલેક અંશે સ્વધર્મની શિથિલતા જોવામાં આવે છે, તેના અનેક કારણો છે, પરંતુ સૌથી અગત્યનું કારણ બાળકોને અભ્યાસની શરૂઆતમાં ધાર્મિક–નૈતિક શિક્ષણ પર અપાતું દુર્લક્ષ તથા એવા રસિક સરળ પુસ્તકોની ખોટને લીધે પણ છે એ ખોટ પુરાય એવા ઉદ્દેશો ધ્યાનમાં રાખી **શ્રી રામજયન્તી** ઉપર લેખ લખવામાં આવ્યો છે. આશા છે કે માબાપ પોતાના બાળકોને અને ગુરૂઓ પોતાના શિષ્યોને આ લઘુ પુસ્તકમાંથી બોધ આપી આચરણ કરાવશે, તથા સુજ્ઞજનો हंसैर्यथा क्षीरमिवाम्बुमध्यात् ઇતિ ન્યાયે ભારતની જ્વલંત કીર્તિને દિપાવશે. **इतिशम् ।**

લેખક,

રામનવમી } **શાસ્ત્રી જમનાશંકર દેવશંકર શુકલ,**
ખંભાત, ગવારેરી. } હાલ સુરત.

॥श्री रामचन्द्र स्तुतिः॥

श्री रामचन्द्र कृपालु भज मन हरण भवभय दारुणं।
नवकंजलोचन कंजमुख करकंज पदकंजारुणं ॥१॥
कंदर्प अगणित अमित छबि नवनील नीरद सुन्दरं।
पटपीत मानहु तडित रुचि शुचि नौमि जनक सुतावरं ॥२॥
शिर किरिट कुण्डल तिलक चारु उदार अंग विभूषणं।
आजानु भुज शर चाप धर संग्रामजित खरदूषणं ॥३॥
भज दीनबन्धु दिनेश दानव दलन दुष्टनिकंदनं।
रघुनंद आनन्दकन्द कोसलचन्द दशरथनंदनं ॥४॥
इति वदति तुलसीदास शंकर शेष मुनिमन रंजनं।
मम हृदयकंज निवास कुरु कामादि खल दल भंजनं ॥५॥



॥ श्रीमद्रामचंद्रो विजयते ॥

"श्री राम जयन्ती"



ध्यायेदाजानुबाहुं धृतशरधनुषं बद्धपद्मासनस्थम् ।
पीतं वासोवसानं नवकमलदलस्पर्धिनेत्रं प्रसन्नम् ॥
वामांकारूढसीता मुखकमलमिलल्लोचनं नीरदाभं ।
नानालंकारदीप्तं दधतमुरुजटामंडलं रामचन्द्रम् ॥

ભારતવાસી સજ્જન બંધુઓ?

રામનવમી એ હિંદુ ધર્મનો જાહેર તહેવાર તરીકે મનાય છે. તે દિવસે મર્યાદા પુરૂષોત્તમ આદર્શ ચરિત્ર ભગવાન રામચંદ્રજીનો

જન્મ દિવસ હતો, એ દિને શ્રી રામચંદ્ર ભગવાન વિષ્ણુના પુર્ણાવતાર રામચંદ્રજીએ દુષ્ટોના દમન અને સાધુઓની રક્ષા માટે પૃથ્વી ઉપર અવતાર ધારણુ કર્યો હતો, એ દિવસ એ ઘડી ધન્ય છે. એ દિને અયોધ્યાપુરીમાં મહાન ઉત્સવ થયો હતો, મહારાજા દશરથની અભિલાષા પૂર્ણ થઇ હતી અને દેવગણોએ પરમ પુલકીત થઇ પૃથ્વી ઉપર પુષ્પ વૃષ્ટિ કરી હતી, આવો એકવાર આનંદમાં મગ્ન થઇ ઉત્સાહથી પૂર્ણ થઇ ભકિતભાવથી ગદગદ કંઠથી બોલો જય—શ્રી રાજા રામચંદ્રની

જય, જય.

શ્રી રામચંદ્ર કર્તવ્ય પરાયણની મૂર્તિ હતી. શ્રી રામચંદ્ર આદર્શ પુરૂષ હતા, આદર્શ રાજા હતા, અને આદર્શ પુત્ર હતા, તેમજ આદર્શ પતિ અને આદર્શ ભ્રાતા હતા. रमन्ते योगिनो यस्मिन्निति रामः જેને વિષે યોગી, ઋષિ મહાત્માઓ રમણ કરી રહ્યા છે. તેજ રામ છે. रंजयतीति राजा પ્રજાને રંજન કરનાર તેજ રાજા છે. શ્રી રામચંદ્રમાં આ ગુણ પૂર્ણ માત્રાથી વિદ્યમાન હતો, તેથીજ તો આજ સુધી જે રાજ્યમાં પૂર્ણ રૂપથી પ્રજા પ્રસન્ન રહે છે, પ્રજાને કંઇ કષ્ટ પડતું નથી, કોઇ પ્રકારનો અન્યાય થતો નથી, તેને અમો "રામરાજ્ય" કહીયે છીયે. રાજા પ્રજાનું પાલન કરવાથી પ્રજાના પિતા છે. શાથી જે प्रजानां विनयाधानाद्रक्षणाद्भरणादपि। सपिता पितरस्तासां केवलं जन्महेतवः॥ પ્રજાને વિનયાદિ ઉત્તમ પ્રકારનું શિક્ષણ આપવાથી તથા ભરણપોષણ અને પ્રજાનું રક્ષણ કરવાથીજ ખરા પિતા છે. અને તેમના માતા પિતા

તો કેવળ જન્મના કારણભૂત છે, રાજા સમાજના શિરોમણિ થઇ શકે છે. જે પ્રકારે સમાજમાં વિધિ નિષેધનો પ્રભાવ યથાર્થ રૂપથી બની શકે છે, તેજ પ્રમાણે તે ગુણોને ધારણ કરી મહારાજ રામચંદ્રજી એ રાજ્યશાસન કર્યું હતું, શ્રી રામચંદ્ર સંસારના આદર્શ છે. શ્રી રામચંદ્રજીએ સંસારને વિશેષતઃ ક્ષત્રિય નૃપતિઓને એક "પત્ની વ્રત" નું મહત્વ શિખવ્યું છે. પરંતુ ઘણી શોચનીય વાત છે કે આધુનિક ક્ષત્રિય રાજાઓએ તેમજ આધુનિક પ્રજાએ તે મહત્વનો ત્યાગ કર્યો છે. પ્રજા રંજનને માટે સર્વથા—શુદ્ધ પતિવ્રતા જાનકીજીનો ત્યાગ કરીને પણ યજ્ઞના સમયે સુવર્ણની સીતાને ડાબી બાજુ સ્થાન આપીને ભગવાન રામચંદ્રજીએ સંયમની સીમા દેખાડી છે. તેથીજ શ્રી રામચંદ્રજી અમારા દેવતા ભગવાન વિષ્ણુના પૂર્ણાવતાર છે; શ્રી રામચંદ્રજી અમારા જીવનના આદર્શ અમારા સમાજના પ્રતિષ્ઠાતા અને સનાતન ધર્મના રક્ષણ કર્તા, મહા દૈવી અવતાર મહાપુરૂષ છે. આ સમયે પણ હિંદુ લોકો સદૈવ વિપત્તિના સમયે, સુખના સમયે, મરવાના સમયે, અહીં સુધીકે શબને સ્મશાનમાં લઇ જતી વખતે પણ પવિત્ર રામ નામનુંજ ઉચ્ચારણ કરે છે, હિંદુ સમાજના અંદર બહાર સર્વત્ર રામ નામ વિરાજમાન છે, અમારા આદર્શ રામ ઘટ ઘટ વ્યાપી છે, અમારા ભારતવર્ષના આર્ય સંતાનો શારદા મંદિરમાં ગીત ગાય છે. જેમકે " એકાણુ એકાણુ રામ હીરની દોરી " ઇત્યાદિ બાળકોના ગીતમાં રામ રહેલા છે, મહાવીર હનુમાનજીના પરીગાનમાં પણ હનુમાનજીના દર્શન વખતે " રામ લક્ષ્મણ જાનકી જય બોલો હનુમાનકી " એમાં પણ રામ વસેલા છે, વળી સાધુઓ જળમાં નહાતી વખતે " રામ નામ લાડવા, ગોપાળ નામ ઘી, કૃષ્ણ નામ ખાંડ વડે, ઘોળી ઘોળી

પી, " એમ બોલી જળમાં ડુબકી મારે છે, તો અમારા રામ લાડુ-ભોજનમાં પણ રહેલા છે, તેમજ જાહેરાતમાં પણ, " વાણિયો ચોરે પળી પળીને રામ બડાવે કુપ્પા, બારણા ઉઘાડાને ખાળે ડુંચા, એટલે પ્રમાણિક પણાના ધ્વનિમાં રામ રહેલા છે, વિશેષ તો શું પણ " બોલતો કાગળ નામના નાટકના ગાયનમાં પણ " અહીં માંડવડો મંડાયો ત્યાં કાષ્ટ ગયા સ્મશાન ચોરીને બદલે ચોકો ને રામ બોલો ભાઇ રામ" આવી રીતે ગાયનમાં પણ રામ છે, ગામ બહાર કુવા હોય છે, ત્યારે કોસ ખેંચનારાઓ કોસ ખેંચતાં ચિંચાટો થાયછે, ત્યારે " હે રામ આવ્યા " આમ વિરામ લેવામાં પણ રામ વસેલા છે. કોઇ કોઇ માણસને મળવા આવે ત્યારે પણ "કેમ રામ" શું કરો છો ? એટલે એ રામ શબ્દ, મીસ્ટર, લાલ, બાઇસાહેબ, મહેરબાન, એવા અર્થમાં હોવાથી તેમાં પણ રામ રહેલા છે, વળી મશ્કરી-દારગમાં એનામાં બે દાણાનીયે અક્કલ નથી એ સૂચવવામાં પણ, "એનામાંએ શા રામ છે; એ અર્થમાં પણ અમારો રામ વસેલો છે, તેમજ કોઇ પુસ્તકમાં કંઇ દૈવત નથી; તેવા સૂચનમાં પણ "રામ નામે પત્થર તરે છે." એમાં પણ રામ છે. પ્રભુની કૃપા અર્થમાં—"રામ રાખે તેને કોણ ચાખે ?" રામનું રખવાળુ ને ભીમનો દોરો" એમ કહેવામાં પણ રામ રહેલા છે, વળી ધૈર્યમાં—"મૂક દરિયામાં દોટ ને રાખણહારો રામ" વળી પ્રભુ ઉપર શ્રદ્ધા રાખી સાહક સૂચક-અર્થમાં પણ રામ છે, તેમજ રામનું નામ દઇને આરંભોને કામ મારા સાહેબ ? રામના આશરે છીયે. એવા શુભ સૂચક અર્થમાં પણ રામ રહેલા છે, નિર્ભય અર્થમાં—"બ્રીટીશ સરકારના રામ રાજ્યમાં વળી શો ભય છે ? એમાં પણ અમારા રામ છે, તેમજ સ એટલે સવા બે અને મ એટલે સવાચાર ગણવાં સાડાછની સંખ્યામાં

પણ **રામ** રહેલા છે. લગ્ન પ્રસંગે-રામણુ દીવો છે. તેમાં પણ **રામ** પવિત્ર પ્રકાશ આપે છે, ઔષધી ફળમાં "**રામફળ** છે, ભૂત દયામાં જેમકે "જેના હૃદયમાં **રામ** વસ્યા હશે, તે અમુક કાર્યમાં સહાય કરશે, આમાં પણ **રામ** વસેલા છે, વળી આને શી **રામની રામાયણ** માંડી. બે ઘડી ભગવાનનું ભજન તો કરો," એવી અણુમતી બાબતમાં પણ **રામ** રહેલા છે. પરદેશથી મહેમાન 'પરોણા આવે ત્યારે જુહારમાં-"રામજીભાઇ **રામ રામ**" તેમજ નિશ્વાસ અર્થમાં-"અરે? **રામ રામ**" મને ઘણો ઓછો લાભ આવ્યો, એવા અર્થમાં પણ **રામ** છે, બાવાજી રોટ માગવા આવે ત્યારે પણ મંગળભાવ સૂચક અર્થમાં--"**સીતા રામ**" બોલે છે. તેમજ કોઇ પંચત્વ-મૃત્યુ પામતાં-તે "**રામ** શરણ થયો" "તેના **રામ** રમી ગયા એમ બોલે છે. રખડતા માણસને પણ "**રામ** ગોતાળીઓ" કહે છે, તેમજ "**રામકળી**" એ એક રાગ છે. "**રામપાત્ર**" જેને બટેરાં કહે છે. "**રામબાણ**" "**રામજાંણી**" "**રામ** હાક્યું." ઉપરકી તો અચ્છી ભીતરકી તો **રામ** જાણે, રામરોટી, રામઢોલ, રામદાસીઓ ભીખારી અર્થમાં રામકી-સાધુડીમાં, રામી-બગીચો, વિગેરે અર્થમાં **રામ** વસેલા છે. અનેક ઘટઘટ વ્યાપી રામચંદ્ર-રાજાના, પ્રજાના, પુત્રના, ભ્રાતાના આદર્શ છે, શ્રી રામચંદ્રજી સમાજના સંપૂર્ણ આદર્શ છે. કોઇ એવો ગુણ નથી કે જે રામચંદ્રજીમાં નથી, તેથીજ તો કહીએ છીએ કે રામચંદ્રની ઉપમા **રામચંદ્રજ** છે, આકાશ અથવા સાગરની ઉપમા આકાશ અથવા સાગરનેજ આપી શકાય, અન્યને નહીંજ, શ્રી રામચંદ્રના સમાન ભગવદંશાવતાર ભૂત મહા પુરૂષ ક્યારેય પણ ક્યાંય થયા નથી, અને આગળ ઉપર પણ થનાર નથી, તેથી અલૌકિકગુણસંપન્ન મહારાજ રામચંદ્રજી અમો હિંદુઓની દ્રષ્ટિમાં સાક્ષાત્ ભગવાન નારાયણનો અવતાર છે.

ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળમાંથી એકલો અતીતજ કાળ કેવળ સુખમય છે, અમારો અતીત સમય-વીતેલો સમયજ સુખ સ્મૃતિથી સંયુક્ત છે, અમો અતીત કાળનું સુખમય સ્વપ્ન જોઇને આ સમયે પણ પોતાને ભારે વંદિત સમજીએ છીએ, પૂર્વ ગૌરવના પ્રકાશથી અમારો અતીતકાળ સમુજ્વલ છે, અમો અતીત સમયને જોઇનેજ સુખી છીયે, અતીતની આલોચના કરીનેજ અમો શ્રેષ્ઠ હોવાનું અભિમાન ધરાવીએ છીયે, અમારા ગૌરવ, સ્પર્ધા, અને પ્રશંસાની સામગ્રી અતીત કાળજ છે, અતીત સમયમાં અમારા પાસે અમારો જાતીય કોષમાં જે હતું, તે આ ઉન્નતિ યુગમાં પણ અન્ય જાતિઓના ભાગ્યમાં નથી, અમારી એ ઉજ્વળ સ્મૃતિનો સાક્ષી અન્ય કોઇ જાતિનો ઇતિહાસ નથી, અતીત સ્મૃતિના નીલ આકાશમાં શ્રી રામચંદ્રજી નિષ્કલંક પુર્ણચન્દ્ર છે, સુખમય અતીત સમયના સિંહાસનમાં શ્રી રામચંદ્ર ઇષ્ટ દેવ રૂપથી વિરાજમાન છે. આ સુખમયી સ્મૃતિના નંદન કાનનમાં મહાકવિ, મહામુનિ વાલ્મિકી કથિત રામચરિત્ર શોભામય, પૂણ્યમય, વાંછિતફળદાયક કલ્પવૃક્ષ છે, અમો જોર દઇને કહીએ છીયે કે જેમ શ્રી રામચંદ્રજીના સમાન ગુણ નિધાન-આદર્શ પુરૂષ કયારેય પણ કોઇ દેશમાં થયેલા નથી, તેમ અન્ય કોઇ દેશના સાહિત્યમાં રામાયણની સમાનતા કરનાર કાવ્ય પણ લખવામાં આવ્યું નથી, આ પૃથ્વી ઉપર કોઇ સમયે કોઇ કવિએ એવું ચરિત્ર ગાયું નથી, તેથીજ તો કહીએ છીએ કે અતીતજ અમારૂં અવલંબન છે, અતીતજ અમારી આલોચનાની સામગ્રી છે, અતીતમાંજ અમારૂં જાતીય જીવન નિહિત છે.

પ્રિય વાચકવૃન્દ મહાશયો ? આજે શ્રી **રામનવમી** છે. તેજ અતીતની સ્મૃતિને હૃદયમાં જગાવવાનો શુભ મુહૂર્ત છે, કરૂણાવરૂણાલય ત્રિકાળદર્શી આર્ય ઋષિઓએ તેથીજ આ પવિત્ર ઉત્સવોની પ્રતિષ્ઠા કરેલી છે, કે અમો આ પવિત્ર તિથીઓમાં પોતાના પથ પ્રદર્શક મહાપુરૂષોના ચરિત્રોનું સ્મરણ કરીયે છીએ, તેઓના ઉચ્ચ ભાવોને-પ્રશંસનીય ગુણોને પોતાના અંતઃકરણમાં સ્થાન આપીને. આ પ્રકારે પોતાના જીવનને સુખમય, પોતાના સમાજને ગુણાગાર અને પોતાના દેશને ગૌરવાન્વિત બનાવીએ છીયે.

આ દિવસ સાધારણ નથી, ભગવાન રામચંદ્રજીનો જન્મ-દિવસ છે, એ દિને પવિત્ર પુરી અયોધ્યામાં ભગવાન નારાયણે આદર્શ અવતાર લીધો હતો, મહારાજ દશરથનું જીવન સફળ થયું હતું, એ દિને દેવી કૌશલ્યા જગત જનની બન્યાં હતાં, સૂર્યવંશ ધન્ય થયો હતો, અને દૈત્યોના સતાવેલા ત્રિભુવનમાં આનંદ આનંદ છવાઇ રહ્યો હતો, નવ દૂર્વાદલ શ્યામ અભિરામ રામચંદ્રજીના મનોહર મૂર્તિએ ભારતવર્ષને ભાગ્યશાળી બનાવ્યું હતું. પરંતુ આજકાલના કેટલાક લોકો જેઓ વિના યુક્તિ તર્કના કંઇ પણ માનવા તૈયાર નથી, જેઓ શ્રદ્ધા વિશ્વાસને બાજુએ મેલે છે. તેઓ રામચંદ્રજીને પણ ભગવાનનો અવતાર માનતા નથી, એ તેઓની બાલીશતા દર્શાઇ આવે છે, ભગવદવતાર વેદ પ્રતિપાદિત છે. છતાં નાસ્તિક લોકો પોતાનો કક્કો ખરો કરવા વેદને બાજુપર મૂકી અથવા વેદને ઓથે રહી કપોલ કલ્પિત અર્થ કરી, લોકોને ભમાવે છે.

પ્રિય મહાનુભાવ ? આપ યજુર્વેદના નીચેના મંત્રોનુ અવલોકન કરશો તો જણાશે કે—

इदं विष्णु र्विचक्रमे त्रेधा निदधे पदम् ॥ समूढमस्य पांसुरे ॥ यजु० अ० ६ मंत्र १५ ॥

અર્થ—વ્યાપક પરમેશ્વર આ ત્રિભુવનનો ત્રણ વખત પાદન્યાસ કરી વિક્રમણ કરતા હતા, તે ત્રિભુવન પરમાત્માના ચરણમાં ધૂરવત્ સંલગ્ન ધૂળની માફક સંલગ્ન થતા હતા, આ મંત્રથી (બલીરાજા પાસેથી ભગવાન વામનજીએ ત્રણ ડગલાં પૃથ્વી માગી હતી.) વામનાવતાર પ્રતીત થાય છે, તેમજ

नमो वञ्चते परिवञ्चते स्तायूना म्पतये नमो नमो ॥ निषङ्गिणऽ इषुधिमते तस्कराणा म्पतये नमो नमः ॥ यजु० अ० १६ मंत्र २१

આ મંત્રમાં ભગવાનનો બુદ્ધાવતાર, તથા મોહિનીરૂપ ધારણ, સમુદ્રમથન વખતે દૈત્યોને અમૃતપાન કરતા અટકાવવાનો, તથા तस्कराणां पतये—તસ્કર—રાવણનો નાશ કરવાથી રામચંદ્રજીને "તસ્કરપતિ" કહ્યા છે, આથી "રામાવતાર" સિદ્ધ થાય છે, વળી સામવેદમાં—

भद्रो भद्रया स च मान आगात स्वसारं जारोऽभ्येति पश्चात् सुप्रकेतै र्द्युभिरग्नि र्वितिष्ठन्नुशद्भि र्वर्णैरभिराममस्थात् ॥

અર્થ—કલ્યાણકારી, પૂજનીય રામચંદ્રજી જ્યારે કલ્યાણી જાનકીજી સહિત વનમાં જતા હતા, ત્યારે જારવત્ લંપટ રાવણ રામચંદ્રજીની ગેરહાજરીમાં અર્થાત્ મરીચીને મારવા માટે જવાને સમયે સ્વપિત્રાદિ ઋષિઓના રૂધિરથી ઉત્પન્ન થવાથી ભગિની તુલ્ય જે સીતા, તેની સમીપ જઈને હરણ કરતો હતો, ત્યાર પછી અગ્નિવત્ પ્રજ્વલિત

થઇને સુંદર ધ્વજવાળા દિવ્ય અને સુંદર રથો સહિત તેમજ કુંભકરણાદિ સહિત યુદ્ધાર્થે સન્નદ્ધ થઇને રામમસ્થાત રામચંદ્રજીના સન્મુખ આવતો હતો, ઇત્યાદિ અનેક મંત્રોથી દશાવતાર સિદ્ધ છે. પરંતુ વિસ્તાર ભયથી અત્ર ન લખતાં **સત્યાસત્યનો** વિચાર કરવાનું પાઠક ગણોને સોપું છું કેટલાક લોકો અવતારને બદલે કેવળ મહાપુરૂષ કહી સંતોષ માને છે, કિંતુ એમાં કંઇ સંદેહ નથી, કે ગુણાભિરામ રામચંદ્રજીને સમસ્ત હિંદુ પ્રાતઃસ્મરણીય, આદરણીય, પૂજનીય, અને આદર્શ ચરિત્ર માને છે, તેથી રામચંદ્રજી અવતારી હતા. અથવા કેવળ મહાપુરૂષ હતા, આ વિષય ઉપર વિવાદ કરવો વ્યર્થ છે. જેઓને વિશ્વાસ છે, તેઓ શ્રી રામચંદ્રને અવતાર માને છે જેઓને વિશ્વાસ નથી, તેઓ અવતાર ન માને કિંતુ એ સર્વએ સ્વીકારવું જોઇશે કે શ્રી રામચંદ્ર અલૌકિક પુરૂષ હતા, શ્રી રામચંદ્રજીનું ચરિત્ર સંપૂર્ણ નિર્દોષ છે. અને તેઓના આચરણ કેવળ હિંદુજાતિને માટેજ નહિ પણ સંપૂર્ણ જગતને માટે આદર્શ રૂપ છે, હિંદુ લોકો–સનાતન ધર્માનુયાયીઓ શ્રી રામચંદ્રજીને અવતાર માને છે, તેનું કારણ એ છે કે જે સમયે શ્રી રામચંદ્રજીએ અવતાર લીધો હતો, તે સમયે ધર્મની હાનિ અને અધર્મનો ઉદય થઇ રહયો હતો, દુષ્ટ રાક્ષસોના અત્યાચારથી ત્રણે લોકો હેરાન હતા—યજ્ઞ, વ્રત જપ, તપ, પૂજા પાઠ, ધર્મ કર્મ સર્વે બંધ હતા, શ્રી રામચંદ્રજીએ અવતાર લઇને રાક્ષસરાજ રાવણને સવંશ નષ્ટ કીધો, પૃથ્વીનો ભાર ઉતાર્યો, સાધુઓની રક્ષા અને ધર્મની સ્થાપના કરી. સમાજને પોતાના આચરણોથી કર્તવ્ય પાલનની સુશિક્ષા પ્રદાન કરી, ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણજીએ સ્વમુખે કહ્યું છે કે

यदा यदा हि धर्मस्य ग्लानि र्भवति भारत !
अभ्युत्थानम धर्मस्य तदात्मानं सृजाम्यहम् ।
परित्राणाय साधुनां विनाशाय च दुष्कृताम् ।
धर्म संस्थापनार्थाय संभवामि युगे युगे ।

હે અર્જુન ! જ્યારે જ્યારે ધર્મની શિથિલતા અને અધર્મનો ઉદય થાય છે, ત્યારે ત્યારે હું કોઇને કોઇ રૂપથી પૃથ્વી ઉપર પ્રગટ થાઉં છું, સાધુ સજ્જન પુરૂષોના રક્ષણાર્થે અને અધર્મી દુષ્ટ કર્મ કરનારાઓના નાશને માટે પ્રત્યેક યુગમાં હું અવતાર ધારણ કરૂં છું વેદ પ્રતિપાદિત ધર્માનુસાર શ્રી રામચંદ્રજીને અમો અવતાર માનીયે છીએ, જે રામચંદ્રજીએ બાળલીલા સમયે શ્રી શંકરનું ગાંડિવ નામનું ધનુષ્ય જેને મહાબળી રાવણ આદિ યોદ્ધાઓ ઉઠાવી શકયા નહિ, તેને ડાબા હાથથી ઉઠાવીને પુષ્પમાળાની માફક તોડીનાંખ્યું, માર્ગમાં એકવીસ વાર ક્ષત્રિયોથી શૂન્ય કરી દેનાર અને મહાબળી સહસ્ત્રાર્જુનના મદને મટાડનાર અદ્વિતીય યોદ્ધા પરશુરામને પળમાં પરાસ્ત કરી દીધા, પગની રજથી અહલ્યાનો ઉદ્ધાર કર્યો, જે રામચંદ્રજીએ પિતાની આજ્ઞા પાળવા માટે મહા સમુદ્ર સામ્રાજ્યને તૃણવત ત્યાગી દીધું, અને હસતાં હસતા વનમાં ચાલી નીકળ્યા, ચૌદ વર્ષને માટે જે રામચંદ્રજીએ ખર અને દુષણ આદી રાક્ષસોની ચૌદ હજાર ભયંકર સેનાને નિજ પરાક્રમથી નષ્ટ કરી, વળી જે દયાળુ સમદર્શી રામચંદ્રે વાનરોને પણ પોતાના મિત્ર બનાવી, સનાથ કીધા, જે રામચંદ્રે મહાબળી વાળીને એકજ બાણથી મારી નાંખ્યો, જે રામચંદ્રે અથાગ સાગર ઉપર સેતુ બાંધી દીધો, અને ત્યાં આગળ સેતુબંધ રામેશ્વર નામે મહાદેવજીની મૂર્તિની

સ્થાપના કરી હતી, આધુનિક નાસ્તિકો કહે છે કે વેદમાં મૂર્તિપૂજા નથી તો તેમને પૂછવાનું કે શું તમે યથાર્થ વેદોનું અધ્યયન કર્યું છે ? તે લોકો વેદોના અર્થના અનર્થ કરી. પોતાના પંથને અનુસરતા અર્થ કરી લોકોને મોહજાળમાં ફસાવે છે, જો વેદમાં મૂર્તિપૂજા ન હોત તો આદર્શ ચરિત્ર ભગવાન રામચંદ્રજીએ શા માટે મહાદેવનું બાણુ સ્થાપન કર્યું ? પરંતુ મૂર્તિપૂજા વેદપ્રતિપાદિત છે. તે માટે નીચેના મંત્રથી વિદિત થશે.

यामिषु ङ्गिरिशन्त हस्ते बिभर्ष्यस्तवे ।

शिवा ङ्गिरित्रतां ङ्कुरु मा हिंसीः पुरुषञ्जगत् ॥

यजुर्वेद अ. १६ मं. २.

અર્થ—હે કૈલાસ પર્વત ઉપર નિવાસ કરી ભક્તોનું કલ્યાણ કરવાવાળા તથા રાવણકૃત ઉત્પાટન સમયે કૈલાસસ્થ સ્વપરિવારની રક્ષા કરવાવાળા મહાદેવ, જે બાણને આપે અભક્તો ઉપર ચલાવવાને માટે ધારણ કર્યું છે, તેને કલ્યાણકર કરો. જે ગમનશીલ પુરૂષ છે. અર્થાત્ આપની સન્મુખ નૃત્યાદિ કરીને નાના પ્રકારના પરિચરણ શીલવાળો જે ઉપાસક છે. તેને એ બાણથી ન મારો, આ યજુર્વેદના મંત્રને નિરાકાર પ્રતિપાદક કહેવાવાળાને પુરૂષ કોણ કહેશે ? આ બાબતમાં કોઇ કહેશે કે ઇશ્વર સર્વથા નિરાકાર છે તો અમો પૂછીયે છીયે કે નિરાકારથી આ સાકાર જગત્ શી રીતે ઉત્પન્ન થયું? નિરાકારથીતો નિરાકાર જગત થવું જોઇએ, અર્થાત્ આ બધી ઘટમાળ નજ હોવી જોઇએ, આથી ઇશ્વર નિરાકાર નથી. પરંતુ તે તો

अणोरणीयान् महतो महीयान् (उपनिषद) नमो ह्रस्वाय च वामनाय ॥

यजु—અર્થાત્ અણુથી અણુ અને મહાનથી મહાન છે. द्वावेव ईश्वरस्य रूपे मूर्तञ्चामूर्तञ्चेति॥ ઇશ્વરનું મૂર્ત અને અમૂર્ત બે રૂપ છે. ઉપાસનામાં सपर्यगाच्छुक्रमकायम् ॥ ના મંત્રમાં ઇશ્વરને અકાય કહીને વેદ સ્વયંભૂ કહે છે. પુનઃ प्रजापतिश्चरतिगर्भेऽन्तरजायमानो बहुधा विजायते ॥ યજુર્વેદ ॥ પ્રજાપતિ ઇશ્વર ગર્ભના અંદર વિચરણ કરતા અજાયમાન છતાં અનેક પ્રકારથી પ્રગટ થાય છે, તેમજ—

आदित्यं गर्भं पयसा समङ्धि सहस्रस्य प्रतिमां विश्वरूपम् परिवृङ्धि हरसा माऽभिमंस्थाः शतायुषं कृणुहि चीयमानाः ॥ यजु० अ० १३ मंत्र ४१ ॥

અર્થ—સહસ્ર નામ પરમેશ્વરનું છે. તે પરમેશ્વરની જે પ્રતિમા—સુવર્ણાદિ નિર્મિત મૂર્તિ—તેને પ્રથમ અગ્નિમાં મૂકી એનો મલ દૂર કરવો, ત્યાર પછી દુધથી તે પ્રતિમાને શુદ્ધ કરીને, તે પ્રતિમાનો અનાદર ન કરવો, કેમકે સત્કાર પૂર્વક શોધિત અને સ્થાપિત થયેલી તે પ્રતિમા—પુરૂષોને શત વર્ષ આયુઃ અને ઐશ્વર્ય વિગેરેથી પરિપૂર્ણ કરે છે, પ્રતિમા કેવી છે.? (आदित्यं) સૂર્યના તુલ્ય પ્રકાશવાળી, સંસારના ગર્ભ તુલ્ય અને (विश्वरूपं) અર્થાત્ સુવર્ણ તામ્રાદિ ભેદથી અનેક પ્રકારની છે જો કે, વિશ્વરૂપ કહેવાથીજ અનેક પ્રકારની પ્રતિમા સિદ્ધ થઇ ચુકી, તથાપિ સાક્ષાત્ અને અનેક પ્રકારની પ્રતિમા પ્રતિપાદક મંત્રનું અવલોકન કરીએ,

अश्मा च मे मृत्तिका च मे गिरयश्च मे पर्व्वताश्च मे सिकताश्च मे व्वनस्प्पतयश्च मे हिरण्यञ्च मे अयश्च मे श्यामञ्च मे लोहञ्च मे सीसञ्च मे त्रपु च मे यज्ञेन कल्प्पन्ताम् ॥ यजु. १८ मं. १३॥

અર્થ—આ સ્થળે "यदाह, यज्ञेन कल्पन्तामिति आत्मना मे कल्पन्तामित्येव तदाह (શતપથ ૫।૨।૨।૭।) એ શ્રુત્યાનુસાર—यज्ञेन कल्पन्ताम् ॥ એનો અર્થ એ છે કે પાષાણાદિ મૂર્તિમાં કલ્પના કરી પૂજન કરવું. (કયા કયા સ્થાન પર કલ્પના કરી પૂજન કરવું? તેનો નિર્ણય કરે છે કે)" अश्माच-પાષાણ, (मृत्तिका-શુદ્ધ માટી,) (गिरि) નાના પર્વત જેવાં કે ગોવર્ધનાદિ (पर्वत)-મહાન પર્વત હિમાલયાદિ, (सिकता) એટલે વાળૂ (રેતી) (वनस्पति) એટલે તુલસી અશ્વત્થાદિ વૃક્ષો, (हिरण्य સુવર્ણ (अयः) લોઢું, (श्याम) ત્રાંબુ, (लोहं) લોઢું ને કાંસુ (મિશ્રિત,) (सीसं) સીસું, (त्रपु) કલઇ, એ સર્વમાં માની કલ્પના કરી પૂજન કરવું, એજ પ્રમાણે યજુર્વેદના બીજા અધ્યાયના ૧૮મા મંત્રમાં પણ દેવતાઓને प्रस्तरेष्ठाः કહ્યું છે, એનો અર્થ એ છે કે "આપ સર્વે પાષાણ મૂર્તિમાં સ્થિત થાઓ, ઇત્યાદિ અનેક વૈદિક મંત્રોથી મૂર્તિ પૂજન સિદ્ધ હોવા છતાં, પ્રતિમાં નમઃ નથી એ કેવળ મહોક્ષવાજ છે, વિસ્તાર ભયથીજ અન્ય વચનોનો ઉપન્યાસ કર્યો નથી, આદર્શ ચરિત્ર ભગવાન રામચંદ્રજીએ ત્રિભુવનમાં અદ્વિતાયવીર રાવણને સવંશ નષ્ટ કર્યો, જે ભક્ત વત્સલ રામચંદ્રે શત્રુના ભાઇ વિભીષણને પણ શરણે આવવાથી વિના સંકોચે આશ્રય આપ્યો, જે ધર્મજ્ઞ, યશસ્વી રામચંદ્રે પોતાની કીર્તિ નિર્મળ રાખવાનેમાટે સતી સીતાની પણ પરીક્ષા લીધી, અને અંતમાં લોકાપવાદના ભય અને કર્તવ્ય પાલનને માટે સતી સીતા

અને પ્રાણુ પ્રિય અભિન્ન હૃદય ભ્રાતા લક્ષ્મણુને પણ ત્યાગી દીધા, તે રામચંદ્ર શું માત્ર મનુષ્યજ માનવા યોગ્ય છે? કેવળ મહાપુરૂષ માનવા એટલે તેઓના મહત્વને ઘટાડવું—તેઓનો ઉચિત આદર ન કરવો એ છે.

આ વાસ્તવમાં શ્રી રામચંદ્રનું ચરિત્ર કલ્પવૃક્ષ તુલ્ય છે, જે આદર્શ ઇચ્છતા હશો, તેજ આદર્શ મળશે, શ્રી રામચંદ્ર નિરાકાર નિર્ગુણુ દેવતા નથી, તેઓ સાકાર સગુણુ ગુણુનિધાન આત્મારામ છે, તેઓ સાધકના ઇષ્ટદેવ ભક્તના આશ્રય દીન દુઃખી જનોના સહાયક અને પતિત પાવન છે, એમાં અનુમાન પણ મિથ્યા નથી કે શ્રી રામચંદ્રજી સહૃદય હૃદયાલ્હાદક નિષ્કલંક પૂર્ણચંદ્ર છે, તેથીજ ભક્ત લોકો—સનાતન ધર્માવલંબીઓ તેઓશ્રીને વિશ્વમય વિષ્ણુરૂપથી જુએ છે, ઇષ્ટરૂપથી તેઓની આરાધના, પૂજા કરે છે, જેઓના આદર્શ દેવતા રામચંદ્રજી છે, તેઓ દુઃખ કેમ ભોગવે છે? જેઓના જાતિય સાહિત્યમાં રામાયણુ જેવા અપૂર્વ ગ્રંથો વિદ્યમાન છે, તેઓ હાહાકાર કેમ કરે છે,—શોકતાપમાં કેમ બળે છે? આ ઘણીજ વિસ્મયની વાત છે, શ્રી રામચંદ્રજીને અનેક દુઃખ કષ્ટ ભોગવવાં પડયાં છે, તથાપિ તેઓએ ધૈર્ય ત્યાગ્યું નથી, અને ધૈર્યનું પાલન કરીને જગતને સંકટ વખતે ધૈર્ય ધર્મ ધારણુ કરવાનો ઉપદેશ આપ્યો છે, તેથીજ રામચંદ્રજીનું ચરિત્ર અગ્નિમાં તપાવેલા સુવર્ણના સમાન નિર્મલ થઇ ગયું છે પોતે પિતાના આજ્ઞા પાળીને પુત્રાણાં હિ પરોધર્મો પિતૃશુશ્રૂષણં સતાં ।। પિતા પ્રત્યે પુત્રોનો શો ધર્મ છે! તેનો જગતને ઉપદેશ આપેલો છે, પ્રજા રંજન માટે કેટલા આત્મ ત્યાગની જરૂર છે, સમાજ રક્ષાને માટે કેટલી દૃઢતા હોવી જોઇએ, એ વાર્તાઓ શ્રી રામચરિત્રમાં સારી રીતે અંકિત છે, પોતાના ભાઇ પ્રત્યે

લક્ષ્મણ, ભરતનો ભ્રાતૃભાવ, શત્રુઘ્નની તેજસ્વીતા અને દેવી સીતાનું સતિત્વ તથા પતિભક્તિ એ રામચરિત્રના ચરિત્રને મણીકાંચન સંયોગના સમાન અલંકૃત કરી આપ્યું છે આ પાંચ ચરિત્રોમાં કેટલી શીક્ષા મધુરતા કોમલતા અને નીતિ ભરેલીછે. તેને તેજ ભાગ્યશાળી જાણે છે કે જેઓએ સમાજના આદર્શની, સમાજના દેવના, સમાજના અમૂલ્ય મણી શ્રી રામચંદ્રના ચરિત્રની આલોચના કરી છે,—એકાગ્ર ચિત્તથી મનન કર્યું છે. અમારી સંમતિ છે કે સનાતન ધર્માવલંબી હિંદુ માત્રે "શ્રી રામ જયંતી" શ્રી રામ નવમીના તહેવારને એક ઉત્તમ તહેવાર માનીને તે દિવસે રામાયણસ્થ રામ ચરિત્રોનું કથન શ્રવણાદિ કરવું એટલુંજ નહિ, કિંતુ રામચંદ્રજીના એક એક ચરિત્રના ઉપર વિચાર કરવો, અને તેઓના આદર્શરૂપ ચરિત્રમાં-સદાચરણોમાં સ્વતઃ પ્રવૃત્ત થવું યદિ પૂર્ણતયા તેઓના સમાન આત્મત્યાગાદિનું યથાર્થ પાલન ન કરી શકાય, તો પણ યથામતિ—યથા શક્તિ તેઓશ્રીના પાલન કરેલા આચરણોનું સ્વયં પાલન કરવું, એક નીતિકાર લખે છે કેઃ—

अनुगन्तुं सतां वर्त्म कृत्स्नं यदि न शक्यते ।
स्वल्पमप्यनुगन्तव्यं मार्गस्थो नावसीदति ॥ १ ॥
प्रत्यहं प्रत्यवेक्षेत नरश्चरितमात्मनः ॥
किं नु मे पशुभिस्तुल्यं किं नु सत्पुरुषैरिति ॥ २ ॥

જો તમો પૂર્ણ રીત્યા સજ્જનોના પાછળ ન ચાલી શકો, તો કંઇક પણ તેઓનું અનુકરણ કરો, अकरणान्मन्दकरणं श्रेष्ठम् ॥ મતલબ છે કે સુમાર્ગમાં ચાલવાથી ભલાઇના શિવાય બુરાઇ થતીજ નથી. મનુષ્યે પ્રતિદિન પોતાના કૃત્યો ઉપર વિચાર કરવો જોઇએ કે

એ કયું કાર્ય પશુઓના સમાન (ખરાબ) કર્યું છે અને કયું કાર્ય સજ્જનોના જેવું, (સારૂં) કર્યું છે વળી રામચરિત્રના શ્રવણના સંબંધમાં અમારી એ પણ સંમતિ છે કે રામચરિત્રમાંથી ખાસ ખાસ વિષયો ચુંટી કાઢીને તેના ઉપર રામનવમીને દિવસે વ્યાખ્યાનો અપાવવાનો પ્રબંધ કરે તો તેથી આજકાલના લોકો કથા ભાગ ઉપરથી સારગ્રહણ કરવામાં અસમર્થ છે, અથવા અધિક સમય આપી શકે તેમ નથી, તેઓ પણ રામચરિત્રનું શ્રવણ કરી, પોતાની કર્ણેન્દ્રિયોને પવિત્ર બનાવવા ઉપરાંત પોતાનું ઐહિક તથા પારલૌકિક શ્રેય સંપાદન કરવામાં સમર્થ થઇ શકે, અસ્તુ, અંતમાં અમો પ્રિય સનાતન ધર્માવલંબી સજ્જનોને નિવેદન કરીએ છીએ કે બંધુઓ? રામ નવમીને દીને અતીતને વર્તમાન બનાવવાની દીક્ષા લેવાનો શુભ મુહૂર્ત છે, એ દિને ભકિતભાવથી શ્રી રામચંદ્રના ઉત્તમ ચરિત્રોનું ગાન કરો, રામ ચરિત્ર વાંચવાથી આલોક અને પરલોક સુધરે છે, **રામનામ**, વ્યાધિ બીજને બાળનાર દાવાનળ છે, **રામનામ** દુઃખ દલન અમોઘ શસ્ત્ર છે, વળી


राकारो च्चारणमात्रेण मुखान्निर्याति पातकम् ॥
पुनः प्रवेश संदेहान्मकार स्तत्कपाटजम् ॥

અર્થ—રામ નામનો રાનો ઉચ્ચાર કરતાંજ મોઢામાંથી—આપણા હૃદયમાં રહેલી મલીન વાસના—પાપ નીકળી જાય છે. તે પાપ પાછું મોંઢામાં પેસશે એવા સંદેહથી મનો ઉચ્ચાર કરતાં મુખ રૂપી કમાડ બંધ થતાં પાપ પ્રવેશ કરી શકતું નથી. રામનામના પ્રતાપથી દસ્યુ રત્નાકર વાલ્મીકી બની શકે છે, વામદેવને મુક્તિ મળી શકી છે, અને મહા પાતકી પણ તરી શકે છે, જે રામ નામને—રામ

ચરિત્રને આ સમયે પણ હિંદુઓ ભૂલ્યા નથી, તેજ રામનામ, તેજ રામચરિત્ર ભારતવર્ષમાં ઘરેઘર ફેલાઇને ભારતીય આર્ય વંશજોની અવનતિ-દુર્દશાને દૂર કરે છે, એજ અમારી કામના વાસના અથવા પ્રાર્થના છે.

कल्याणानां निधानं कलिमलमथनं पावनं पावनानाम् ।
पाथेयं यन्मुमुक्षोः सपदि परपदप्राप्तये प्रस्थितस्य ॥
विश्रामस्थानमेकं कविवरवचसां जीवनं सज्जनानाम् ॥
बीजं धर्मद्रुमस्य प्रभवतु भवतां भूतये राम नाम ॥

“ इतिशम् ”



॥ अथ श्री रामरक्षा स्तोत्रम् ॥

श्रीगणेशायनमः ॥ श्रीसीतारामचंद्राभ्यांनमः॥ अस्य श्रीराम-रक्षास्तोत्रमंत्रस्य बुधकौशिकऋषिः॥ श्रीसीतारामचंद्रोदेवता ॥ अनुष्टुप्छंदः॥ सीताशक्तिः॥ श्रीमद्धनुमान्कीलकम् ॥ श्रीरा-चंद्रप्रीत्यर्थे रामरक्षास्तोत्रजपे विनियोगः॥ अथध्यानम्॥ ध्यायेदाजानुबाहुं धृतशरधनुषं बद्धपद्मासनस्थं पीतं वासो वसानं नवकमलदलस्पर्धिनेत्रं प्रसन्नम् ॥ वामांकारूढसीतामुखकमल-मिलल्लोचनं नीरदाभं नानालंकारदीप्तं दधतमुरुजटामंडनं रामचंद्रम् ॥१॥ इतिध्यानम् ॥

આ રામરક્ષા સ્તોત્રરૂપ મંત્રના ઋષિ બુધકૌશિક છે, દેવતા શ્રી સીતારામચંદ્ર છે, છંદ અનુષ્ટુપ્ છે, શક્તિ શ્રી સીતા છે, કીલક શ્રી હનુમાન્ છે, શ્રી રામચંદ્રને પ્રસન્ન કરવા માટે, રામરક્ષા સ્તોત્રનો પાઠ કરવો.

અથ ધ્યાન—ગોઠણસુધી જેના લાંબા હાથ છે, ધનુષ્યબાણ જેણે ધારણ કર્યાં છે, પદ્માસન વાળીને જે બેઠા છે, પીળાં વસ્ત્ર જેણે પહેર્યાં છે, નવા કમળના દળ કરતાં સુંદર જેના નેત્ર છે, જે પ્રસન્ન છે, ડાબી કોરે બીરાજેલાં સીતાના મુખકમળ ઉપર જેના નેત્ર પડે છે મેઘના સરખી જેની કાંતિ છે, અનેક પ્રકારના અલંકારોથી જે શોભે છે, અને જે મોટી જટારૂપ આભૂષણને ધારણ કરે છે તે શ્રીરામચંદ્રનું હું ધ્યાન ધરૂં છું.

॥ श्रीरामरक्षास्तोत्रप्रारंभः ॥

चरितं रघुनाथस्य शतकोटिप्रविस्तरम् ॥
एकैकमक्षरं पुंसां महापातकनाशनम् ॥१॥

શ્રી રામચંદ્રજીનું ચરિત્ર સો કરોડોનાં વિસ્તારવાળું છે અને એકેક અક્ષર તે-માણસોના મહાપાપને નાશ કરનાર છે. ॥ ૧ ॥

ध्यात्वा नीलोत्पलश्यामं रामं राजीवलोचनम् ॥
जानकीलक्ष्मणोपेतं जटामुकुटमंडितम् ॥ २ ॥
सासितूणधनुर्बाणपाणिं नक्तंचरांतकम् ॥
स्वलीलया जगत्रातुमाविर्भूतमजं विभुम् ॥३॥
रामरक्षां पठेत्प्राज्ञः पापघ्नीं सर्वकामदाम् ॥
शिरो मे राघवः पातु भालं दशरथात्मजः ॥४॥
कौसल्येयो दृशौ पातु विश्वामित्रप्रियः श्रुति ॥
घ्राणं पातु मखत्राता मुखं सौमित्रिवत्सलः ॥५॥

નીલ કમળના જેવી જેની શ્યામ મૂર્તિ છે, એવાં કમળ સરખાં નેત્રવાળાં સીતાજી અને લક્ષ્મણજી સહિત, જટાથી અને મુગટથી શોભીત તરવાર સહિત, ભાથા અને ધનુષ્યબાણ જેના હાથમાં છે, એવા રાક્ષસોના કાળરૂપ (નાશ કરનાર) અને જગતનું રક્ષણ કરવા માટે પોતાની લીલાથી જે પ્રગટ થાય છે, જન્મ વગરના અને સમર્થ એવા શ્રી રામચંદ્રજીનું ધ્યાન ધરીને ડાહ્યા માણસે પાપને ટાળનારી અને સર્વ કામનાને પૂરનારી આ રામરક્ષાનો પાઠ કરવો. ।૨। ૩।

રઘુકુળમાં પ્રકટેલા પ્રભુ મારા માથાની રક્ષા કરો. દશરથના પુત્ર મારા કપાળની રક્ષા કરો. કૌશલ્યના પુત્ર મારી આંખોની રક્ષા કરો. વિશ્વામિત્રના પ્યારા બે કાનની રક્ષા કરો. યજ્ઞનું રક્ષણ કરનારાં મારી નાસિકાની રક્ષા કરો. લક્ષ્મણજીના પ્યારા મારા મુખની રક્ષા કરો. ॥ ૪ ॥

जिव्हां विद्यानिधिः पातु कंठं भरतवंदितः ॥
स्कंधौ दिव्यायुधः पातु भुजौ भग्नेशकार्मुकः ॥६॥

વિદ્યાના ભંડાર મારી જીભની રક્ષા કરો. ભરતજીએ નમસ્કાર કરેલા રામચંદ્ર મારા કંઠની રક્ષા કરો. દિવ્ય આયુધને ધારણ કરનારા મારા ખભાની રક્ષા કરો. શિવના ધનુષ્યને ભાંગનાર મારા ભુજની રક્ષા કરો. ॥ ૫ ॥

करौ सीतापतिः पातु हृदयं जामदग्न्यजित् ॥
मध्यं पातु खरध्वंसी नाभिं जांबवदाश्रयः ॥७॥

સીતાના પતિ મારા હાથની રક્ષા કરો. પરશુરામને જીતનાર મારા હૃદયની રક્ષા કરો. ખરદૈત્યને મારનાર રામચંદ્ર મારા મધ્યની રક્ષા કરો. જાંબવાનના આશ્રયરૂપ રામચંદ્ર મારી નાભિની રક્ષા કરો.

सुग्रीवेशः कटी पातु सक्थिनी हनुमत्प्रभुः ॥
ऊरू रघूत्तमः पातु रक्षःकुलविनाशकृत् ॥८॥

સુગ્રીવનાં ઇશ્વર રામચંદ્ર મારી કેડની રક્ષા કરો. હનુમાનના પ્રભુ રામચંદ્ર મારી બે સાથળની રક્ષા કરો. રક્ષકુળનો નાશ કરનારા રઘુકુળમાં ઉત્તમ રામચંદ્ર મારાં બે ઉરૂની રક્ષા કરો. ॥ ૮ ॥

जानुनी सेतुकृत्पातु जंघे दशमुखांतकः ॥
पादौ विभीषणश्रीदः पातु रामोऽखिलं वपुः ॥९॥

સમુદ્રપર સેતુ બાંધનારા મારા ગોઠણની રક્ષા કરો. રાવણનો નાશ કરનારા મારી જંઘાની રક્ષા કરો. વિભીષણને સંપત્તિ આપનારા પગની રક્ષા કરો અને રામચંદ્રજી આખા શરીરની રક્ષા કરો.

एतां रामबलोपेतां रक्षां यः सुकृती पठेत् ॥
स चिरायुः सुखी पुत्री विजयी विनयी भवेत् ॥१०॥

સુકૃત કરનારો જે માણસ આ રામના બળવાળી રક્ષાનો પાઠ કરે, તે લાંબા આયુષ્યવાળો થાય, સુખી થાય, પુત્ર પામે, જય મેળવે અને વિનયવાળો થાય. ॥ ૧૦ ॥

पातालभूतलव्योमचारिणश्छद्मचारिणः ॥
न द्रष्टुमपि शक्तास्ते रक्षितं रामनामभिः ॥११॥

શ્રી રામચંદ્રજીના નામથી જેને રક્ષા થઇ હોય તેને પાતાળમાં પૃથ્વી ઉપર અને આકાશમાં ફરનારા દૈત્યો જોવાને પણ સમર્થ થતા નથી ॥ ૧૧ ॥

रामेति रामभद्रेति रामचन्द्रेति वा स्मरन् ॥
नरो न लिप्यते पापैर्भुक्तिं मुक्तिं च विंदति ॥१२॥

રામ, રામભદ્ર અથવા રામચંદ્રનું જે સ્મરણ કરે છે તે માણસ કોઇ દિવસ પાપથી ન લેપાતાં સુખ પામે છે અને મોક્ષને મેળવે છે. ॥ ૧૨ ॥

जगज्जैत्रैकमंत्रेण रामनाम्नाभिरक्षितम् ॥
यः कंठे धारयेत्तस्य करस्थाः सर्वसिद्धयः ॥१३॥

જગતને જીતનારા એક રામનામના મંત્રથી જેમાં રક્ષા કરવામાં આવી છે એવું આ સ્તોત્ર કોઇ પાઠ કરે તો તેને સર્વ સિદ્ધિઓ પાસે આવી રહે છે. ॥ ૧૩ ॥

वज्रपंजरनामेदं यो रामकवचं स्मरेत् ॥
अव्याहताज्ञः सर्वत्र लभते जयमंगलम् ॥१४॥

વજ્રપંજર નામના આ રામકવચને જે સંભારે તે અખંડ જ્ઞાનવાળો થાય છે અને સર્વ ઠેકાણે કીર્તિરૂપ કલ્યાણને મેળવે છે. ॥ ૧૪ ॥

आदिष्टवान्यथा स्वप्ने रामरक्षामिमां हरः ॥
तथा लिखितवान् प्रातः प्रबुद्धो बुधकौशिकः ॥१५॥

શ્રી સદાશીવે જે પ્રમાણે આ રામરક્ષા વિશ્વામિત્ર ઋષિને સ્વપ્નમાં આવીને કહી તેજ પ્રમાણે તે બુદ્ધિવાન રૂષિએ સહવારમાં જાગીને લખી લીધી છે. ॥ ૧૫ ॥

आरामः कल्पवृक्षाणां विरामः सकलापदाम् ॥
अभिरामस्त्रिलोकानां रामः श्रीमान्स नः प्रभुः ॥ १६ ॥

સર્વે કલ્પવૃક્ષોના આરામરૂપ, સઘળી વિપત્તિઓને દૂર કરનારા, અને ત્રિલોકને આનંદ આપનારા શ્રીમાન્ રામચંદ્રજી અમારા પ્રભુ છે. ॥ ૧૬ ॥

तरुणौ रूपसंपन्नौ सुकुमारौ महाबलौ ॥
पुंडरीकविशालाक्षौ चीरकृष्णाजिनांबरौ ॥ १७ ॥
फलमूलाशिनौ दांतौ तापसौ ब्रह्मचारिणौ ॥
पुत्रौ दशरथस्यैतौ भ्रातरौ रामलक्ष्मणौ ॥ १८ ॥

જુવાન અવસ્થાવાળા, અતિરુપવાળા, સુકુમાર શરીરવાળા, મહા બળવાળા, કમળસરખાં વિશાળ નેત્રવાળા, જૂના મૃગચર્મરૂપ વસ્ત્ર ધરનારા, ફળમૂળ ભક્ષણ કરનારા, ઇંદ્રિયોને વશ રાખનારા, તપ કરનારા, બ્રહ્મચર્ય પાળનારા અને દશરથના પુત્ર એવા શ્રીરામ અને લક્ષ્મણ. હમારી રક્ષા કરો. ॥ ૧૭ ॥ ॥ ૧૮ ॥

शरण्यौ सर्वसत्वानां श्रेष्ठौ सर्वधनुष्मताम् ॥

रक्षःकुलनिहंतारौ त्रायेतां नो रघूत्तमौ ॥ १९ ॥

જે સર્વ પ્રાણિયોને શરણે જવા યોગ્ય છે, સર્વ ધનુષધારીઓમાં ઉત્તમ અને રાક્ષસોના કુળનો નાશ કરનારા છે, તે બે રઘુવંશના ઉત્તમ પુરૂષો અમારી રક્ષા કરો ॥ ૧૯ ॥

आत्तसज्जधनुषाविषुस्पृशावक्षयाशुगनिषंगसंगिनौ ॥

रक्षणाय मम रामलक्ष्मणावग्रतः पथि सदैव गच्छताम् ॥२०॥

સજ્જ કરેલું ધનુષ્ય જેમણે ચડાવ્યું છે એવા બાણનો સ્પર્શ કરનારા અને જેમાં બાણો ખુટે નહીં એવા ભાથાઓ જેને સંગે છે એવા શ્રીરામ લક્ષ્મણ મારૂં રક્ષણ કરવા માટે પૃથ્વી ઉપર સદૈવ આગળ ચાલજો. ॥ ૨૦ ॥

सन्नद्धः कवची खड्गी चापबाणधरो युवा ॥

गच्छन्मनोरथोऽस्माकं रामः पातु सलक्ष्मणः ॥ २१ ॥

બખ્તરવાળા, કવચ પહેરેલા, ખડ્ગ ધારણ કરેલા અને ધનુષ્યબાણ ધરનારા, યુવાન શ્રી રામચંદ્ર લક્ષ્મણજી સાથે રહી માર્ગે ચાલતાં હમારા મનોરથની રક્ષા કરો ॥ ૨૧ ॥

रामो दाशरथिः शूरो लक्ष्मणानुचरो बली ॥
काकुत्स्थः पुरुषः पूर्णः कौसल्येयो रघूत्तमः ॥ २२ ॥

- દશરથ રાજાના પુત્ર શુરવીર, લક્ષ્મણ જેની સેવા કરે છે એવાં, બળિયા, કકુત્સ્થકુળમા જન્મેલા, પુરૂષ, સર્વ કામનાથી ભરેલા, કૌશલ્યાના પુત્ર, રઘુકુળમાં ઉત્તમ એવા રામચંદ્રજી હમારી રક્ષા કરો ॥૨૩॥

वेदांतवेद्यो यज्ञेशः पुराणपुरुषोत्तमः ॥
जानकीवल्लभः श्रीमानप्रमेयपराक्रमः ॥ २३ ॥

વેદાંતથી જાણી શકાય એવા યજ્ઞોના ઇશ્વર, પુરાણ પુરૂષમાં ઉત્તમ, જાનકીજીના પતિ, શોભાયમાન, પરાક્રમ જાણી ન શકાય એવા. શ્રી રામચંદ્રજી અમારી રક્ષા કરો. ॥ ૨૩ ॥

इत्येतानि जपेन्नित्यं मद्भक्तः श्रद्धयान्वितः
अश्वमेधाधिकं पुण्यं सम्प्राप्नोति न संशयः ॥ २४ ॥

એ પ્રમાણે એટલાં નામ મારા ભક્તે શ્રદ્ધા રાખીને વાંચવા અથવા પાઠે કરી લેવાં તો અશ્વમેધ યજ્ઞ કરવાના પુણ્યને પામે છે, તેમાં કાંઇ સંદેહ નથી. ॥૨૪।

रामं दूर्वादलश्यामं पद्माक्षं पीतवाससम् ॥
स्तुवंति नामभिर्दिव्यैर्न ते संसारिणो नराः ॥ २५ ॥

દુર્વાના દલ જેવા સ્યામવર્ણવાળા, કમળ સરખા નેત્રવાળા અને પીળાં વસ્ત્ર પેહેરનારાં શ્રી રામચંદ્રજીની દિવ્ય સ્તુતિ કરે છે તે પુરૂષો જન્મ મરણને પામતા નથી. ॥ ૨૫ ॥

रामं लक्ष्मणपूर्वजं रघुवरं सीतापतिं सुंदरम्
काकुत्स्थं करुणार्णवं गुणनिधिं विप्रप्रियं धार्मिकम् ॥
राजेंद्रं सत्यसंधं दशरथतनयं श्यामलं शांतमूर्तिम्
वंदे लोकाभिरामं रघुकुलतिलकं राघवं रावणारिम् ॥२६॥

શ્રી રામચંદ્રજી કે જે લક્ષ્મણજીના મોટા ભાઈ છે, રઘુકુળમાં ઉત્તમ છે, સીતાના પતિ છે, કકુત્સ્થ કુળમાં ઉત્પન્ન થયા છે, કરૂણાના સમુદ્ર રૂપ છે, ગુણના ભંડાર રૂપ છે, બ્રાહ્મણો જેને પ્રિય છે, એવા દશરથના પુત્ર છે શ્યામ સ્વરૂપ છે, શાંત મૂર્તિવાળા છે, લોકોને આનંદ આપનારા છે, રઘુકુળમાં જન્મેલા શ્રી રામચંદ્રજીને હું નમસ્કાર કરૂં છું ॥ ૨૬ ॥

रामाय रामभद्राय रामचंद्राय वेधसे ॥
रघुनाथाय नाथाय सीतायाः पतये नमः ॥२७॥

રઘકુળના નાથ અને સીતાના પતિ એવા શ્રી રામ કે જેના રામભદ્ર અને રામચંદ્ર એવા નામ છે, તથા વિધાતા રૂપ છે, તેમને નમસ્કાર કરૂં છું. ॥ ૨૭ ॥

श्रीरामरामरघुनंदनरामराम श्रीरामरामभरताग्रजरामराम ।
श्रीरामरामरणकर्कशरामराम श्रीरामरामशरणंभवरामराम ।२८।

હે રઘુકુળના વંશમાં થએલા હે રામ, હે રામ, હે રામ, હે ભરતના મોટાભાઈ, હે રામ, હે રામ, હે રામ, હે રામ, હે રણસંગ્રામમાં કઠણ જણાતા હે રામ, હે રામ, હે રામ, હે રામ, હે, લક્ષ્મણને રમાડનારા, હે રામ, હે રામ, હે રામ, હે રામ, અમારૂં શરણ આપો. ॥ ૨૮ ॥

श्रीरामचंद्रचरणौमनसास्मरामि श्रीरामचंद्रचरणौवचसागृणामि॥
श्रीरामचंद्रचरणौशिरसानमामि श्रीरामचंद्रचरणौशरणंप्रपद्ये॥२९॥

શ્રી રામચંદ્રજીના ચરણને મન વડે સંભારૂ છું, શ્રીરામચંદ્રજીના ચરણને વચન વડે ગાઉં છું. શ્રી રામચંદ્રના ચરણને મસ્તક વડે નમું છું, અને શ્રી રામચંદ્રજીના ચરણ કમળને હું શરણ થાઉં છું.

माता रामो मत्पिता रामचंद्रः स्वामी रामो मत्सखा रामचंद्रः
सर्वस्वं मे रामचंद्रो दयालुर्नान्यं जाने नैव जाने न जाने॥३०॥

મારી માતા શ્રી રામચંદ્ર છે, મારા પિતા શ્રીરામચંદ્ર છે. મારા સ્વામીશ્રી રામચંદ્ર છે. મારા મિત્ર શ્રી રામચંદ્ર છે, અને મારૂં સર્વસ્વ દયાળુ શ્રીરામચંદ્રજી છે. બીજા કોઇને હું માતા, પિતા સ્વામી. મિત્ર અને સર્વસ્વ જાણતો નથી, સમજતો નથી અને ઓળખતો નથી. ॥ ૩૦ ॥

दक्षिणे लक्ष्मणो यस्य वामे च जनकात्मजा ॥
पुरतो मारुतिर्यस्य तं वंदे रघुनंदनम् ॥३१॥

જેની જમણી કોરે શ્રી લક્ષ્મણજી છે, જેની ડાબી કોરે જનકની પુત્રી શ્રી સીતાજી છે અને જેની આગળ ચાલનારા શ્રી હનુમાનજી છે, તે શ્રી રઘુકુળના કુમાર શ્રી રામચંદ્રને હું નમસ્કાર કરૂં છું. ॥ ૩૧ ॥

लोकाभिरामं रणरंगधीरं राजीवनेत्रं रघुवंशनाथम् ॥
कारुण्यरूपं करुणाकरं तं श्रीरामचंद्रं शरणं प्रपद्ये ॥३२॥

લોકોને આનંદ આપનારા, રણસંગ્રામમાં ધીરજ રાખનારા, કમળ સરખાં નેત્રવાળા રઘુવંશના નાથ, દયાની મૂર્તિરૂપ અને કરૂણાના

ભરેલા શ્રી રામચંદ્રને હું શરણે જાઉં છું ॥ ૩૨ ॥

मनोजवं मारुततुल्यवेगं जितेंद्रियं बुद्धिमतां वरिष्ठम् ॥
वातात्मजं वानरयूथमुख्यं श्रीरामदूतं शरणं प्रपद्ये ॥३३॥

મનના જેવા વેગવાળા, વાયુના જેવી ગતિવાળા, ઇંદ્રિયોને જીતનારા, બુદ્ધિવંત પુરૂષોમાં વખાણવા યોગ્ય, વાયુના પુત્ર અને વાનરાઓના યુથના મુખી એવા શ્રી રામચંદ્રજીના દુતને (શ્રી હનુમાનજીને) હું શરણે જાઉં છું ॥ ૩૩ ॥

कूजंतं राम रामेति मधुरं मधुराक्षरम् ॥
आरुह्य कविताशाखां वंदे वाल्मीकिकोकिलम् ॥३४॥

કવિતારૂપ શાખા ઉપર બેશીને મીઠાસ ઉપજે એવી રીતે " શ્રી રામ શ્રી રામ " નામ મધુર અક્ષરથી ઉચ્ચાર કરતા એવા વાલ્મીક ઋષિ કોકિલને હું નમસ્કાર કરૂં છું. ॥ ૩૪ ॥

आपदामपहर्तारं दातारं सर्वसंपदाम् ॥
लोकाभिरामं श्रीरामं भूयो भूयो नमाम्यहम् ॥३५॥

આપત્તિઓને નાશ કરનારા, સર્વ સંપત્તિઓને આપનારા અને લોકોને આનંદ આપનાર શ્રી રામચંદ્રજીને વારં વારં હું નમસ્કાર કરૂ છું. ॥ ૩૫ ॥

भर्जनं भवबीजानामर्जनं सुखसंपदाम् ॥
तर्जनं यमदूतानां राम रामेति गर्जनम् ॥३६॥

રામ નામનો ઉચ્ચાર સંસારના બીજને ભુંજી નાંખનારો (જન્મ મરણનાં કારણો નાશ કરનારો). સુખરૂપ સંપત્તિઓને શુભ કરનારો અને યમના દૂતોને તરછોડી નાંખનારો છે. ॥ ૩૬ ॥

रामो राजमणिः सदा विजयते रामं रमेशं भजे
रामेणाभिहता निशाचरचमू रामाय तस्मै नमः ॥
रामान्नास्ति परायणं परतरं रामस्य दासोऽस्म्यहम्
रामे चित्तलयः सदा भवतु मे भो राम मामुद्धर ॥३७॥

રાજાઓમાં મણી સરખા, શ્રીરામચંદ્ર નિરંતર જયને પામે છે. લક્ષ્મીના પતિ રામચંદ્રજીને હું ભજુ છું, જે રામચંદ્રજીએ રાક્ષસોની સેનાને હણી નાંખી તે શ્રી રામચંદ્રજીને હું નમસ્કાર કરૂં છું.

राम रामेति रामेति रमे रामे मनोरमे ।
सहस्र नाम तत्तुल्यं राम नाम वरानने ॥३८॥

વારંવાર શ્રી રામનું નામ જપતો હું મનોહર રામચંદ્રજીને વિષે રમું છું, હે પાર્વતી એક રામ નામ બીજા હજાર નામ એ બે બરાબર છે. ॥ ૩૮ ॥

इति श्री बुध कौशिक कवि विरचित श्री रामरक्षास्तोत्रं संपूर्णम् ॥ श्रीसीतारामचन्द्रार्पणमस्तु ॥ शुभाय भूयात् ॥

સમાપ્ત.

વિજ્ઞપ્તિ.

" ઉદાર ચરિતાનાં તુ વસુધૈવ કુટુમ્બકમ્ "

દાન કરવાનું ઉત્તમ સ્થાન.

ઉદાર ચરિત શ્રીમંતોને વિનંતી કરવામાં આવે છે કે સત્ય સનાતન વૈદિક ધર્માનુસાર વર્ણાશ્રમ ધર્મના રક્ષણાર્થે શ્રી ગુજરાત ધર્મ પ્રચારિણી સભા અંગે એક બ્રહ્મચર્યાશ્રમની યોજના માટે સ્વધર્માભિમાની સદ્‌ગૃહસ્થો તથા સન્નારીઓ વિદ્યાદાન સાથે અન્નદાન એ ઉભયનું પુણ્ય પ્રાપ્ત કરવા માટે આ સંસ્થાને યથોચિત આશ્રય આપવા આપના ઉદાર હાથ લંબાવી ભારતવર્ષની જ્વલંત કીર્તિ દિપાવશો એવી અમારી ખાત્રી છે. તેમજ સારા માઠા પ્રસંગે પણ આ સંસ્થાને સ્મરણમાં રાખવા વિનંતી છે.

પત્રવ્યવહાર—
શ્રી ગુજરાત ધર્મ પ્રચારિણી સભાની ઓફીસ
બાલાજીરોડ–સુરત.

કાર્યવાહક મંડળની આજ્ઞાથી
શાસ્ત્રી જમનાશંકર દેવશંકર.
વ્યવસ્થાપક ગુ. ધ. સભા.



જાહેર ખબર.

અમારે ત્યાંથી નિચેના પુસ્તકો મળશે.

૧ સિદ્ધાંત કૌમુદી (હિંદુસ્તાન) પ્રથમ ભાગ	૩–૪–૦
૨ લઘુ સ્તોત્ર સંગ્રહ (મહિમ્ન શુક્રાદિ, નવગ્રહના મંત્ર)	૦–૧–૬
૩ પુરૂષોત્તમ માસની કથા (કવિ દુર્ગાશંકર કૃત–રાગ રાગિણી)	૧–૦–૦
૪ માર્ગોપદેશિકા (સંસ્કૃત ગુર્જર વાક્યાવળી)	૦–૪–૦
૫ કામનાથ મહાત્મ્ય	૦–૩–૦
૬ દેહશુદ્ધિ પ્રાયશ્ચિત પ્રયોગ	૦–૨–૦
૭ વિદ્વજ્જન ગોષ્ઠી (રમુજી સંવાદ)	૦–૧–૦
૮ પુષ્ટિ સુધાકર	૦–૮–૦
૯ નારાયણ નિર્ણય	૦–૦–૯

આ શિવાયના સંસ્કૃત, કર્મકાંડ તથા ગુજરાતી પુસ્તકો યોગ્ય કમિશનથી મોકલવામાં આવશે, પોષ્ટેજ જુદું.

મળવાનું ઠેકાણું

શુક્લ દેવશંકર નરસિંહરામ બુકસેલર.

ઉંડી પોરી–ખંભાત.

શાસ્ત્રી મણિ[illegible]કર ભાસ્કરશંકર

મંત્રી ગુ, ધ. પ્ર. સભા તથા સ. સં. વ્યાકરણ

શાળાના મુખ્ય ગુરૂ—પેટલાદ.

સૂચના—બહારગામવાળાઓએ આ શ્રીરામ જયન્તીનું પુસ્તક અડધા આનાની ટીકીટ બીડી મંગાવી લેવું.

શિરનામું—

શાસ્ત્રી જમનાશંકર દેવશંકર

બાલાજીરો–સુરત.